જુલાઈ 2026માં બુલેટ ટ્રેન ડ્રાઈવ શરૂ થશે

# શહેર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે 350 ટનનું બીજું TBM કટરહેડ સાવલી, ઘણસોલી ખાતે ઉતારાયુ

**13.6 મીટર** વ્યાસના કટરહેડથી 21 કિમી લાંબી ટનલ ખોદાશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.23

મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની 21 કિમી લાંબી ટનલ માટે બીજી ટનલ બોરિંગ મશીનનું કટરહેડ મુંબઈ નજીક સાવલી, ઘણસોલી શાફ્ટ ખાતે ઉતારવામાં આવ્યું છે. 13.6 મીટર વ્યાસ અને અંદાજે 350 ટન વજન ધરાવતું આ વિશાળ ઘટક ટીબીએમના મુખ્ય શીલ્ડની પ્રાથમિક એસેમ્બલીનો અંતિમ તબક્કો છે.

13.6 મીટર વ્યાસ ધરાવતું આ કટરહેડ એવી એકલ ટનલના ખોદકામ માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેમાં હાઈ સ્પીડ કોરિડોરની અપ અને ડાઉન બંને લાઈન સમાવી શકાય. આ યુનિટમાં 84 કટર ડિસ્ક, 124 સ્ક્રેપર અને 16 બકેટ લિપ્સ લગાવવામાં આવ્યા છે, જે ખોદકામ દરમિયાન પથ્થરો કાપવા અને કચરો દૂર કરવાની કામગીરી કાર્યક્ષમ રીતે કરે છે. આ બીજી ટીબીએમ સાવલી, ઘણસોલીથી પોતાની સફર શરૂ કરીને વિક્રોલી તરફ આગળ વધશે. પ્રથમ ટીબીએમનું કટરહેડ આ અઠવાડિયાની શરૂઆતમાં વિક્રોલી ખાતે ઉતારવામાં આવ્યું હતું. હવે બંને ટીબીએમ અંતિમ એસેમ્બલી અને કમિશનિંગ ટ્રાયલમાંથી પસાર થશે, ત્યારબાદ જુલાઈ 2026ના પ્રથમ અઠવાડિયામાં તેમની પ્રારંભિક ડ્રાઈવ શરૂ કરવામાં આવશે. પ્રાપ્ત થયેલ ટીબીએમની સંખ્યા 2 છે. ટીબીએમ 1નું વજન 3080 ટન અને ટીબીએમ 2નું વજન 3184 ટન છે. દરેક ટીબીએમની કુલ લંબાઈ 95.32 મીટર છે. આ મશીનો વધુમાં વધુ 4 આરપીએમની કટરહેડ ગતિ અને વધુમાં વધુ 49 મિ.મી. પ્રતિ મિનિટની ખોદકામ ક્ષમતા સાથે કાર્ય કરી શકે છે. ટીબીએમનો પ્રકાર મિક્સ શીલ્ડ અને સ્લરી આધારિત છે. કટર વ્હીલ, મેઈન બેરિંગ, જૉ ક્રશર, ઈરેક્ટર, મેઈન શીલ્ડ, ટેલ શીલ્ડ તેમજ ટેલિંગ કામગીરીને સહાયરૂપ બનતી ચાર વિશેષ ગેન્ટ્રી જેવા મહત્વપૂર્ણ ઘટકોનો ટીબીએમમાં સમાવેશ થાય છે, જેના કારણે ઉચ્ચ સુરક્ષા ધોરણો જાળવી રાખતાં નિયંત્રિત અને સતત ટનલ નિર્માણ સુનિશ્ચિત થાય છે.

## ગરબાડા પોલીસ મથકે બકરી ઈદ પૂર્વે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) ગરબાડા,તા.23

ગરબાડા પોલીસ મથકે આજરોજ આગામી બકરી ઈદના તહેવારને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક ઈન્ચાર્જ પીઆઈ જી.જે. ગામીતની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં પીએસઆઈ વી.એન. કોટવાળ તથા પીએસઆઈ વી.ડી. ભગોરા પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ઈદનો તહેવાર શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે હેતુથી પોલીસ દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી ઈન્ચાર્જ પીઆઈ ગામીતે જણાવ્યું હતું કે તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ સતર્ક રહેશે

દાહોદ જિલ્લા માંથી આશરે 1500થી વધુ લોકો તથા સુખસર વિસ્તારમાંથી અંદાજે બસોથી ત્રણસો થી વધુ લોકો જોડાયા

# દિલ્હીમાં યોજાનાર જનજાતિ સાંસ્કૃતિક સમાગમમાં જોડાવા ગુજરાતમાંથી ૬૦૦૦થી વધુ લોકો રવાના



( પ્રતિનિધિ ) સુખસર,તા.23

જનજાતિ સમાજના ઈતિહાસ, સંસ્કૃતિ અને પરંપરાના સંરક્ષણ તેમજ જનજાગૃતિના હેતુથી તા. 24 મે 2026ના રોજ લાલ કિલ્લો મેદાન ખાતે યોજાનાર "જનજાતિ સાંસ્કૃતિક સમાગમ" કાર્યક્રમમાં ભાગ લેવા માટે ગુજરાત પ્રાંતમાંથી 6000થી વધુ સમાજ જનો રેલવે મારફતે દિલ્હી જવા રવાના થયા હતા.

જેમાં દાહોદ જિલ્લામાંથી આશરે 1500થી વધુ લોકો તથા સુખસર વિસ્તારથી અંદાજે 200થી 300 લોકો જોડાયા હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાંથી સમાજના લોકો ટ્રેન મારફતે દિલ્હી તરફ પ્રસ્થાન કર્યું હતું. રેલવે સ્ટેશનો પર સમાજ જનોમાં ભારે ઉત્સાહ અને ઉમંગનો માહોલ જોવા મળ્યો હતો.યુવાનો, મહિલાઓ અને વડીલો પરંપરાગત વેશભૂષા સાથે કાર્યક્રમમાં જોડાવા માટે નીકળ્યા હતા. આ રાષ્ટ્રીય સમાગમમાં દેશભરની વિવિધ જન જાતિઓના પ્રતિનિધિઓ ભાગ લેશે.જેમાં જનજાતિ સંસ્કૃતિ, લોકનૃત્ય,પરંપરાગત વાદ્યયંત્રો અને લોકકલાનું વિશેષ પ્રદર્શન કરવામાં આવશે.કાર્યક્રમ દરમ્યાન લાખોની સંખ્યામાં જનજાતિ સમાજના લોકો એકત્ર થવાના હોવાનું જાણવા મળી રહ્યું છે. કાર્યક્રમનો મુખ્ય હેતુ જનજાતિ સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવી રાખવાનો અને સમાજમાં એકતા તથા જાગૃતિ ફેલાવવાનો છે. કાર્યક્રમમાં ભારત સરકારના ગૃહમંત્રી અમિત શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. જેનું આયોજન જનજાતિ સુરક્ષા મંચ દ્વારા કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

ભાજપના 26 સભ્યોના સમર્થન સાથે ડિમ્પલબેન પ્રમુખ, અજીત વસાવા ઉપપ્રમુખ

# ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદે ભાજપની સત્તાધાર, ડિમ્પલબેન રાજ પ્રમુખપદે તાજપોશી

**આમ** આદમી પાર્ટીના ઉમેદવારોને માત્ર 5 મત



(પ્રતિનિધિ) ભરૂચ, તા.23

ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ને સ્પષ્ટ બહુમતી મળી છે. જિલ્લા પંચાયતના કુલ વિજેતા સભ્યોમાંથી 26 ભાજપ સભ્યોએ પ્રમુખ પદ માટે ડિમ્પલબેન વિક્રમસિંહ રાજના નામની સત્તાવાર જાહેરાત કરતાં તેમને હાથ ઊંચા કરી સમર્થન આપ્યું હતું. આમ આદમી પાર્ટી તરફથી નર્મદાબેન નરેશભાઈ વસાવાને માત્ર 5 મત મળ્યા હતા. આમ, ડિમ્પલ વિક્રમસિંહ રાજને આગામી અઢી વર્ષ માટે જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ઉપપ્રમુખ પદ માટે ભાજપના અજીત ચીમનભાઈ વસાવાના નામની જાહેરાત થઈ, જેમને 26 મત મળ્યા. આમ આદમી પાર્ટીના અનિલભાઈ ભરતભાઈ વસાવાને 5 મત મળતાં અજીત ચીમનભાઈ વસાવાને ઉપપ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા. પ્રમુખ અને ઉપપ્રમુખના નામોની સત્તાવાર જાહેરાત થતાં જ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

મોટી સંખ્યામાં હાજર સમર્થકોએ નવા હોદ્દેદારોને ફૂલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ભરૂચ જિલ્લા ભાજપ સંગઠનના આગેવાનો અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા અને નવા હોદ્દેદારોને વધાવી લીધા હતા.

ભક્તોએ દીપ પ્રગટાવી ભગવાન રામચંદ્રજીની આરતી ઉતારી હતી

# પાદરા ખાતે રંગ પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત પારાયણમાં ભક્તિમય માહોલ

(પ્રતિનિધિ) પાદરા, તા.23

પાદરા ખાતે રંગ પરિવાર દ્વારા રંગ ફાર્મ ખાતે આયોજિત શ્રીમદ ભાગવત પારાયણ મહોત્સવ ભક્તિમય વાતાવરણ વચ્ચે ચાલી રહ્યો છે. પારાયણના પાંચમા દિવસે વિવિધ પૌરાણિક પ્રસંગોનું ભાવભીનુ અને આધ્યાત્મિક વર્ણન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો અને ભક્તજનો ઉપસ્થિત રહી ભક્તિરસનો લાભ લીધો હતો. આજના પાવન પ્રસંગે ભગવાન નરસિંહનો પ્રાગટ્ય, વામન અવતાર તથા તેમના દિવ્ય ચરિત્રોનું સ્વવિસ્તાર વર્ણન કરવામાં આવ્યું હતું. સાથે જ ભક્ત પ્રહલાદની અડગ ભક્તિ અને નારદીય ભક્તિના પ્રસંગોનું હૃદયસ્પર્શી નિરૂપણ કરવામાં આવતા સમગ્ર પંડાલ ભક્તિમય બની ગયો હતો. ઉપસ્થિત ભક્તજનો ભગવાન પ્રત્યેની અખંડ શ્રદ્ધા અને ભક્તિના સંદેશથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. ભાગવતના નવમ સ્કંધમાં ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાદુર્ભાવનો પ્રસંગ ખૂબ જ સુંદર અને ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. સમગ્ર પંડાલને આકર્ષક રંગોળી અને દીપોના અજવાળાથી સુશોભિત કરવામાં આવ્યો હતો.

ભક્તોએ દીપ પ્રગટાવી ભગવાન રામચંદ્રજીની આરતી ઉતારી ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો. "જય શ્રીરામ"ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે દ્વારકેશ લાલજી મહારાજશ્રીએ ભાગવતનું મહાત્મ્ય તેમજ વૃત્રાસુર દ્વારા કરવામાં આવેલી સ્તુતિના આધ્યાત્મિક રહસ્યો ઉપર હૃદયસ્પર્શી વચનામૃત પીરસ્યું હતું.

દાહોદ ટ્રાફિક પોલીસની બેદરકારી ?

# ૮૬ નંબરની ગાડીના બદલે ૮૩ નંબરના માલિકને ઈ-ચલણ મોકલાયું

**આજ સુધી** મારી ગાડી દાહોદ ગઈ જ નથી તો પછી મારી ગાડીનુ ખોટું ચલણ કેવી રીતે બન્યું? : અનિલભાઈ

( પ્રતિનિધિ ) સુખસર, તા.23

દાહોદ ટ્રાફિક પોલીસ દ્વારા ઈ-ચલણ બનાવવામાં ગંભીર બેદરકારી સામે આવી હોવાનો આક્ષેપ થયો છે.રાજસ્થાન પાસિંગની એક કારના માલિકને ખોટું ઓનલાઈન ચલણ મોકલાતા સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. મળતી માહિતી મુજબ,ગાડી નંબર RJ-03. UA-6983 ના માલિક અનિલભાઈને પાર્કિંગ નિયમોના ઉલ્લંઘન બદલ રૂપિયા 500 નું ઈ-ચલણ મોકલવામાં આવ્યું હતું. આ ચલણમાં સ્થળ તરીકે દાહોદ શહેરના ગોવિંદનગર વિસ્તારનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પરંતુ વાહન માલિકના જણાવ્યા અનુસાર ઓનલાઈન ચલણમાં દર્શાવાયેલા ફોટા અને વિગતોમાં મૂળ વાહનનો છેલ્લો નંબર "86" હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, જ્યારે "83" નંબરની ગાડીના માલિકને દંડ ભરવા માટે ચલણ મોકલવામાં આવ્યું છે. જેના કારણે દાહોદ ટ્રાફિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. વાહન માલિક અનિલભાઈએ જણાવ્યું હતું કે, "આજ સુધી મારી ગાડી દાહોદ ગઈ જ નથી.તો પછી મારી ગાડીનું ખોટું ચલણ કેવી રીતે બન્યું?" તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચલણમાં દર્શાવાયેલ ફોટો તેમની ગાડીનો નથી.છતાં તેમની ગાડીના નંબર પર દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઘટનાને લઈને અનિલભાઈએ દાહોદ ટ્રાફિક પોલીસ સમક્ષ યોગ્ય તપાસ કરી ખોટું ઈ-ચલણ તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે.સાથે જ ઈ-ચલણ બનાવતી વખતે વાહન નંબર,ફોટા અને અન્ય વિગતોની ચોક્કસ ચકાસણી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠી છે.સ્થાનિકોમાં પણ આ મામલે અસંતોષ જોવા મળી રહ્યો છે.લોકોનું કહેવું છે કે,આવી બેદરકારીના કારણે નિર્દોષ વાહન માલિકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.હવે જોવાનું એ રહેશે કે દાહોદ ટ્રાફિક પોલીસ આ મામલે શું કાર્યવાહી કરે છે?અને ખોટું ચલણ રદ કરવામાં આવે છે કે નહીં?.

હિરાપોરમાં ગમખ્વાર અકસ્માત

# રોંગ સાઈડે ઈક્કો ચાલકની ટક્કરથી રાજપૂત સમાજના એક શખ્સનું મોત, ચાલક ફરાર



(પ્રતિનિધિ) ભરૂચ, તા.23

વાલીયા તાલુકાના હિરાપોર ગામ નજીક સાંજે થયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં રાજપૂત સમાજના એક શખ્સનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટના બનતા ઈકો ગાડી ઘટના સ્થળે મુકીને ચાલક ફરાર થઈ ગયો હતો. વાલીયાના કરા ગામે રહેતા 27 વર્ષીય ઈન્ટાસ કંપનીમાં નોકરી કરતા રુદ્રપાલસિંહ જયેન્દ્રસિંહ મહીડા તેમના પરિવાર સાથે રહે છે.તેમના પિતાજી જયેન્દ્રસિંહ ભુપતસિંહ મહિડા (ઉ.વ. 55) વટારીયા ખાતે ગણેશ સુગરમાં (સ્લીપબોય) સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા. તા-22મી મેનાં રોજ સાંજે હિરાપોર ગામના ગેસ સ્ટેશન પાસે એક ઈક્કો ગાડી (નં-GJ-16-DS-3391) પુરઝડપે અને ગફલતભરી રીતે રોંગ સાઈડ પર આવીને જયેન્દ્રસિંહ મહીડાની મોટરસાઈકલ (નં- GJ-16-P-5643) સાથે જોરદાર રીતે અથાડી હતી દીધી હતી.આ ઘટનામાં તેમના પિતાજી ફંગોળાઈ ગયા હતા.આ ઘટના લઈને ઈકો ગાડી મુકીને કાલક ફરાર થઈ ગયો હતો. ગમખ્વાર અકસ્માતમાં તેઓને કપાળ ઉપર જમણી આંખની આસપાસ, જમણા ઘૂંટણ, જમણા પગની એડી અને જમણા પગના સાથળથી ઉપરના ભાગે ગુપ્ત ભાગ નજીક ગંભીર ઈજાઓ પહોંચી હતી. શરીરેથી ભારે રક્તસ્ત્રાવ થતા બેભાન થઈ ગયા.જેને લઈને મૃતકનાં પુત્ર રુદ્રપાલસિંહએ વાલિયા પોલીસમાં ઈક્કો ચાલક વિરુદ્ધમાં ગુનો ફરિયાદ આપતા ગુનો નોંધવામાં આવ્યો છે.

હીરાપોર પાસે ઝડપી વાહનોથી બન્યો દુર્ઘટના, ગામના એડવોકેટે સ્પીડ બ્રેકર મુકવાની માગ₹ હીરાપોર ગામ પાસે વાલિયા-ઝગડીયા મુખ્ય માર્ગ પર હાલમાં અકસ્માત બાદ સ્થાનિક રહેવાસી એડવોકેટ જયદીપસિંહ સુરેન્દ્રસિંહ ખેરે માર્ગ અને મકાન વિભાગ, ભરૂચ ખાતે સ્પીડ બ્રેકર મૂકવા માટે લેખિતમાં પ્રબળ માંગ કરી છે.આ માર્ગ પર ગામની વસ્તી, રાહદારીઓ, વિદ્યાર્થીઓ અને વડીલોની અવરજવર વધુ છે. સાથે પ્રાથમિક શાળા અને મંદિર આવેલા હોવાથી બાળકો તેમજ અન્ય લોકોને રસ્તો પાર કરવામાં ભારે તકલીફ પડે છે. તાજેતરમાં તા. 23/05/2026ના રોજ આ જ સ્થળે થયેલા ગંભીર અકસ્માતમાં એક વ્યક્તિનું દુ:ખદ અવસાન થતાં ગ્રામજનોમાં ચિંતાની લકીર સેવાઈ રહી છે.જેથી અકસ્માતો અટકાવવા માટે ગ્રામજનોનાં હિતમાં સ્પીડ બ્રેકર બનાવવા લેખિત માંગ કરી છે.

નકલી નોટ પ્રકરણમાં વધુ એક આરોપીની ધરપકડ કરાઈ

# ડુપ્લીકેટ ભારતીય નોટોના સપ્લાયરને રાજસ્થાનથી ઝડપી પાડ્યો

બે દિવસ ગુપ્ત વોચ બાદ વહેલી સવારે ફિલ્મી ઢબે ઓપરેશન પાર પડાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.23

વડોદરા એસઓજીની ટીમે ભારતીય બનાવટની ડુપ્લીકેટ ચલણી નોટોના ગુનામાં સપ્લાયર અશોક રામરતન જાટ ઉર્ફે ચૌધરીને રાજસ્થાનના કેકડી ગામેથી ફિલ્મી ઢબે વેશ પલટો કરીને ઝડપી પાડ્યો છે. આરોપી ડુપ્લીકેટ ચલણી નોટો સપ્લાય કરતો હોવાની તપાસમાં વિગતો સામે આવી છે. વડોદરા લાવી નકલી નોટોના મૂળ સુધી પહોંચવા પોલીસ એ કવાયત શરૂ કરી છે. માહિતી મુજબ, ગત 29 એપ્રિલના રોજ HDFC Bankની વાઘોડિયા રોડ સ્થિત શાખાના કેશ ડિપોઝિટ મશીનમાં રૂ.500ની નકલી ભારતીય ચલણી નોટો નંગ 20 જમા થઈ હતી. બેંક દ્વારા નોટો નકલી હોવાનું શોધાતા તા. ૩૦ એપ્રિલે ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે હેઠળ ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન પોલીસે ખાતાધારક સહિત છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં બુલેટ બાઈક પર મોઢે ગમછો બાંધી આવી ડુપ્લીકેટ ચલણી નોટો આપનાર આરોપી અશોક ચૌધરી નામ હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ એસઓજીની એક ટીમને રાજસ્થાન મોકલવામાં આવી હતી. ટીમે સ્થાનિક લોકો જેવા પહેરવેશમાં પ્રાઈવેટ વાહનો મારફતે બે દિવસ સુધી ગુપ્ત વોચ રાખી ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે આરોપી અશોક રામરતન જાટને તેના રહેણાંક મકાનેથી વહેલી સવારે ઝડપી પાડી વડોદરા લાવવામાં આવ્યો હતો.

## બોલેરોને સાઈડ ન આપવા મામલે ટ્રક ડ્રાઈવરનું અપહરણ કરી માર માર્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.23

ગોવિંદગુરુ લીમડી તાલુકાના મુંડાહેડા ગામના સુથાર ફળિયામાં રહેતો અને અને ડ્રાઈવિંગનો ધંધો કરતો પૃથ્વીરાજ રમણભાઈ સુનિયા નામનો ૨૬ વર્ષીય યુવાન પોતાના કબજાની ટ્રક લઈ લીલવા ઠાકોર ગામે લીમડી ચાકલીયા રોડ પર સાંજના સાડા ચાર વાગ્યાના સુમારે પસાર થઈ રહ્યો હતો. તે વખતે તેની ટ્રકની પાછળ આવતી જીજે ૨૦ એન- ૧૭૯૪ નંબરની બોલેરો ગાડીને તેને સાઈડ ન આપતાં અને ઓવરટેક કરવા દેતા બોલેરો ગાડીમાં બેઠેલા ગોવિંદ ગુરુગોવિંદ લીમડી તાલુકાના પીપલેટ ગામના કાળુભાઈ સુરમલભાઈ ડીંડોડ, માનુભાઈ સમુળાભાઈ ડીંડોડ, રાકેશભાઈ સમુડાભાઈ ડીંડોડ તથા પેથાપુર ગામના રાકેશભાઈ શકરીયાભાઈ મુનિયા એમ ચારે જણા ઉશ્કેરાયા હતા અને થ્વીરાજ મુનિયાને ટ્રકમાંથી નીચે ઉતારી ગડદાપાટુનો માર મારી જબરજસ્તીથી તેમની બોલેરો ગાડીમાં બેસાડી અપહરણ કરી ઉપરોક્ત ચારે જણા પૃથ્વીરાજ મુનિયાને તેમના ઘરે પીપલેટ ગામે લઈ ગયા હતા અને ત્યાં લઈ જઈ ગડદાપાટુનો માર મારી છાતી, બરડો તેમજ માથાના ભાગે મૂઢ ઈજાઓ પહોંચાડી હતી.

80 જગ્યાઓ માટે યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ

# વડાપ્રધાન રોજગાર મેળા અંતર્ગત વડોદરામાં 19માં રોજગાર મેળાનું આયોજન




(પ્રતિનિધિ) વડોદરા, તા.23

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યુવા રોજગાર સર્જન પહેલના ભાગ રૂપે દેશભરમાં આયોજિત 19 મા રોજગાર મેળાનું ઉદ્ઘાટન કર્યું અને વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં નવા ભરતી થયેલા યુવાનોને વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન પણ કર્યું. આ રોજગાર મેળો દેશભરમાં 47 સ્થળોએ એકસાથે યોજવામાં આવ્યો હતો, જેમાં 51,000 યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

19મો રોજગાર મેળો પશ્ચિમ રેલ્વેના વડોદરા વિભાગ હેઠળ વડોદરાના પ્રતાપનગર ડિવિઝનલ રેલ્વે ઓડિટોરિયમ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ અને ધારાસભ્યની ઉપસ્થિતિમાં યોજાયો હતો. રેલ્વે, બેંકો અને પોસ્ટલ વિભાગોમાં કુલ 80 જગ્યાઓ માટે યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા નવનિયુક્ત કર્મચારીઓને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, સરકારી રોજગાર એ સૌ પ્રથમ, લોકોના જીવનને સરળ બનાવવાનું એક માધ્યમ છે. તેમણે દરેક યુવાન કર્મયોગીને તેમના પદને એક જીવંત જવાબદારી તરીકે જોવા, ભારતના લોકોની વધતી જતી આકાંક્ષાઓને સમજવા અને તે મુજબ તેમના કાર્યને અનુરૂપ બનાવવા માટે આહ્વાન કર્યું હતું. પ્રધાનમંત્રીએ ફરી એકવાર તેમના સંપૂર્ણ વિશ્વાસને પુનઃપુષ્ટિ આપી કે આ નવનિયુક્ત કર્મચારીઓ ભારતની વિકાસ યાત્રાને નવી ગતિ આપશે, અને તેમના કાર્ય અને નિર્ણયો ચોક્કસપણે વિકસિત ભારતના વિઝનને પૂર્ણ કરશે. તેમણે નિમણૂક પત્રો મેળવનારા તમામ યુવાનોને તેમની ભાવિ યાત્રા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

કાઉન્સિલર સમશાદઅલી સૈયદે આ કામગીરી ઈદ બાદ શરૂ કરવા માંગ કરી

# નર્મદા નિગમના કેનાલ રિપેરિંગ શટડાઉનને કારણે ભરૂચ નગરપાલિકા દ્વારા દિવસમાં માત્ર 1 વાર પાણી અપાશે

તારીખ 28 ના રોજ ઈદ-ઉલ-અઝહા હોવાથી પાણીની વિશેષ જરૂરિયાતને ધ્યાને લઈ ભરૂચ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને કાઉન્સિલર સમશાદઅલી સૈયદની રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

ભરૂચ શહેરમાં પાણી પુરવઠા સંબંધિત કામગીરીને કારણે જાહેર થયેલા શટડાઉન મુદ્દે કોંગ્રેસના કાઉન્સિલર સમશાદઅલી સૈયદ દ્વારા ભરૂચ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ભરૂચ નગરપાલિકા દ્વારા જાહેર કરાયેલ પ્રેસનોટ મુજબ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા મીયાગામ બ્રાંચ કેનાલ અને અમલેશ્વર બ્રાંચ કેનાલના રિપેરિંગ કામ માટે તારીખ 24/05/2026 થી તારીખ 15/06/2026 સુધી શટડાઉન લેવામાં આવનાર છે, જેથી આ સમયગાળા દરમિયાન શહેરમાં દિવસમાં માત્ર 1 વખત પાણી પુરવઠો આપવામાં આવશે. રજૂઆતમાં જણાવાયું છે કે તારીખ 28/05/2026 ના રોજ ઈદ-ઉલ-અઝહાનો પવિત્ર તહેવાર હોવાથી મુસ્લિમ સમાજમાં પાણીનો વપરાશ સામાન્ય દિવસો કરતાં વધુ રહેતો હોય છે. આવી સ્થિતિમાં જો દિવસમાં માત્ર 1 વખત પાણી આપવામાં આવે તો શહેરના અનેક વિસ્તારોમાં નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

આથી જનહિત અને ઈદના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને કેનાલ રિપેરિંગની ઉપરોક્ત કામગીરી ઈદ બાદ શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે. શનિવારે કચેરી બંધ હોવાના કારણે કાઉન્સિલર દ્વારા ટેલિફોનિક વાતચીત કરીને વોટ્સએપ મારફતે આ રજૂઆત મોકલવામાં આવી છે અને આગામી સોમવારે રૂબરૂ મળીને આ મુદ્દે વિગતવાર રજૂઆત કરવામાં આવશે તેમ પણ જણાવવામાં આવ્યું છે અને આ પ્રસિદ્ધિની લાગતા વળગતાએ તમામે નોંધ લેવા પણ અનુરોધ કરવામાં આવ્યુ છે.

# અંકલેશ્વર GIDCમાં કંપનીના પાર્કિંગમાંથી ચોરી થયેલી રીક્ષા સાથે ઈસમ ઝડપાયો

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.23

અંકલેશ્વર જી.આઈ.ડી.સી વિસ્તારમાં આવેલ નિરંજન પેટ્રો કેમ કંપનીના પાર્કિંગમાંથી ચોરી થયેલ રીક્ષા સાથે એક ઈસમને જી.આઈ.ડી.સી પોલીસે ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ અંકલેશ્વરના જીતાલી ગામ સ્થિત ગ્રીન સિટીમાં રહેતા અને મૂળ પાવી-જેતપુરના રહેવાસી વિષ્ણુ દલસુખ રાઠવા નિરંજન પેટ્રો કેમ કંપનીમાં ઓપરેટર તરીકે નોકરી કરે છે. નોકરી બાદ તેઓ પોતાની રીક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે. તેઓએ પોતાની આશરે રૂ. 2 લાખ કિંમતની રીક્ષા કંપનીના પાર્કિંગમાં પાર્ક કરી હતી. તે દરમિયાન અજાણ્યા વાહન ચોર રીક્ષા ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે વિષ્ણુ રાઠવાએ અંકલેશ્વર જી.આઈ.ડી.સી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે જીઆઈડીસી વિસ્તારના યોગી એસ્ટેટ નાકા પાસેથી સુનિલ પરબત નાયક નામના ઈસમને ચોરી થયેલ રીક્ષા સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે.


DGVCL

**દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ**
CINU40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

DGVCL

**વીજપુરવઠો બંધ રેહવા**

આથી અમારા જંબુસર ગ્રામ્ય, દહેજ સબડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર ૬૬ કેવી સબ સ્ટેશન નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવા માં આવશે, જેની જાહેર જનતા ને ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ / વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી દહેજ | ૧૧ કેવી કડોદરા | દહેજ | ૯૨૧૩૦૧૦૦૧૯ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૨ | ૬૬ કેવી સારોદ | ૧૧ કેવી સારોદ | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૭-૦૫-૨૦૨૬ / બુધવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૩ | ૬૬ કેવી જંબુસર | ૧૧ કેવી કોરા | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૪ | ૬૬ કેવી જંબુસર | ૬૬ કેવી ટંકારી | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |
| ૫ | ૬૬ કેવી માસર રોડ | ૧૧ કેવી વહેલમ | જંબુસર ગ્રામ્ય | ૮૯૮૦૮૦૩૯૧૮ | ૨૮-૦૫-૨૦૨૬ / ગુરુવાર | ૦૭:૦૦ થી ૧૩:૦૦ |

એમ.સી.બી / ઇ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો